પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૧૫૭ | ૧૭ ઓગસ્ટ, ૨૦૧૭, ગુરૂવાર ; શ્રાવણ વદ - ૧૦ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# બિહારમાં પુરની સ્થિતિ ગંભીર

**આસામમાં મૃતાંક ૨૮, બિહારમાં મૃતાંક ૫૬ : બંગાળમાં થયેલો સુધારો : બિહારના મુખ્યમંત્રી નીતિશકુમાર દ્વારા સતત ત્રીજા દિવસે પુરગ્રસ્ત વિસ્તારોનું હવાઈ નિરીક્ષણ કરાયું : અનેક રેલવે ટ્રેક પાણીમાં ધોવાઈ જતાં મુશ્કેલી થઇ**



નવીદિલ્હી,તા. ૧૬

આસામ અને બિહારમાં પુરની સ્થિતી આજે પણ યથાવતરીતે ગંભીર રહી હતી. જો કે પશ્ચિમ બંગાળમાં પુરની સ્થિતીમાં આંશિક સુધારો થતા તંત્રને મોટી રાહત થઈ હતી. આસામ અને બિહારમાં વધુ લોકોના મોત થયા છે. એકબાજુ આસામમાં પુરના બીજા રાઉન્ડમાં વધુ દસ લોકોના મોત સાથે મોતનો આંકડો વધીને ૨૮ ઉપર પહોંચી ગયો છે. તમામ અસરગ્રસ્ત વિસ્તારોમાં બચાવ અને રાહત કામગીરીરી ચાલુ રહી છે. બ્રહ્મપુત્ર અને તેની સહાયક નદીઓમાં પાણીની સપાટી ભયજનક સ્તરે રહી છે. આસામમમાં દુરસંરના સંબંધ કપાઈ ગયા છે. દરમિયાન પુરના પાણી અનેક વિસ્તારોને આવરી લઈને મુશ્કેલીમાં મુકી દીધા છે. આસામમાં ૩૨ જિલ્લાઓ પૈકી ૨૫ જિલ્લાઓ અસરગ્રસ્ત છે. ૩૩ લાખ લોકોને અસર થઈ છે. ગુવાહાટીથી પ્રાપ્ત અહેવાલ મુજબ બ્રહ્મપુત્ર નદીના ઉંચાણવાળા વિસ્તારોમાં ભારે વરસાદના કારણે નવેસરથી પુરની સ્થિતિ સર્જાઈ ગઈ છે. બ્રહ્મપુત્ર અને તેની સહાયક નદીઓમાં પાણીની સપાટી ભયજનક સ્તરથી ઉપર પહોંચી ગઈ છે. ૨૦ હજાર હેક્ટર પાક ભૂમિ પુરના પાણીમાં આવી ગઈ છે. હાલમાં ૩૯ રાહત કેમ્પોમાં ૧૪૦૦૦ જેટલા લોકોને રાખવામાં આવ્યા છે.

● અનુસંધાન પાન-૭ પર

## લડાખમાં ચીની ઘુસણખોરીના પ્રયાસો નિષ્ફળ

લડાખ,તા. ૧૬

ડોકલામ બાદ હવે ચીની જવાનોએ લડાખ વિસ્તારના પૈગાન્ગ સરોવરના ઉત્તરીય કિનારા પર ઘુસણખોરીનો પ્રયાસ કર્યો છે. જો કે ચીની સૈનિકોના પ્રયાસને ભારતીય જવાનોએ નિષ્ફળ કરી દીધો હતો. ચીની સૈનિકોએ તેમના પ્રદેશમાં પાછા પણ ખદેડી મુક્યા હતા. ઘુસણખોરીનો પ્રયાસ નિષ્ફળ રહ્યા બાદ ચીની સૈનિકોએ પથ્થરમારો પણ કર્યો હતો. ભારતીય જવાનોએ પણ આનો જડબાતોડ જવાબ આપ્યો હતો. પથ્થરમારાની ઘટનામાં બે બે જવાનો ઘાયલ થયા હતા. બન્ને પક્ષો વચ્ચ સંઘર્ષની સ્થિતી આશરે ૩૦ મિનિટ સુધી રહી હતી.

## એમપી સ્થાનિક ચૂંટણીમાં ભાજપે બોલાવેલો સપાટો

ભોપાલ,તા. ૧૬

મધ્યપ્રદેશમાં આગામી વર્ષે યોજાનાર વિધાનસભાની ચૂંટણી પહેલા સેમિફાઈનલ સમાન ગણાઈ રહેલી સ્થાનિક ચૂંટણીમાં કોંગ્રેસને મોટો ફટકો પડ્યો છે. સ્થાનિક એકમોની ૪૩ સીટ પર અધ્યક્ષ પદ માટે યોજાયેલી ચૂંટણીમાં ભાજપને ૨૫ સીટ ઉપર જીત મળી છે જ્યારે કોંગ્રેસને ૧૫ સીટથી સંતોષ માનવાની ફરજ પડી છે. ત્રણ સીટો ઉપર અપક્ષ ઉમેદવાર જીતી ગયા છે. અલબત્ત મધ્યપ્રદેશના કિસાન આંદોલનના ગઢ ગણાતા મંદસોર જિલ્લામાં ભાજપને મોટો ફટકો પડ્યો છે.

## ન્યુ ઈન્ડિયા નિર્માણ માટે સ્વાતંત્ર્ય દિને મોદીની અપીલ

**ઐતિહાસિક લાલ કિલ્લા પરથી ચોથીવાર સંબોધન ભ્રષ્ટાચાર, નોટબંધી, કાશ્મીર, ખેડુત, જીએસટી, રોજગાર ત્રિપલ તલાક સહિતના મુદ્દા ઉઠાવી કેન્દ્રની સિદ્ધી ગણાવી**



નવી દિલ્હી,તા. ૧૬

સ્વતંત્રતા દિવસના પ્રસંગે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ઐતિહાસિક લાલ કિલ્લા પરથી તેમના ચોથા સંબોધનમાં તમામ મુદ્દાને આવરી લીધા હતા. મોદીએ પોતાના ભાષણમાં ભ્રષ્ટાચાર, નોટબંધી, કાશ્મીર, ખેડુત, જીએસટી, રોજગાર અને ત્રિપલ તલાક સહિતના તમામ મુદ્દાને સામેલ કરીને સરકારની સિદ્ધીઓ ગણાવી હતી. સાથે સાથે વર્ષ ૨૦૨૨ સુધી ન્યુ ઈન્ડિયા બનાવવા માટેની પણ અપીલ કરી હતી. વડાપ્રધાને પોતાના ભાષણની શરૂઆત ગોરખપુરમાં બાળકોના મોત અને પુરના કારણે લોકોના થયેલા મોત વચ્ચે દુખની આ ઘડીમાં દરેક દેશવાસી સાથે હોવાની ખાતરી આપી હતી. તેમણે કહ્યુ હતુ કે ચાલે છેનો સમય હવે જતો રહ્યો છે.

● અનુસંધાન પાન-૭ પર

# કાશ્મીરમાં એનઆઈએના ૧૨ સ્થળ પર દરોડા

**બારામુલ્લા, હેંદવારા અને શ્રીનગરમાં ટેરર ફંડિંગ મામલે દરોડા : હુર્રિયતના નેતાઓને આવરી લેતા ટેરર ફંડિંગના મામલામાં સકંજો મજબૂત મોડે સુધી કાર્યવાહી : ગિલાની સાથે સંબંધ ધરાવનાર લોકો સકંજામાં આવ્યા**

શ્રીનગર,તા. ૧૬

ટેરર ફંડિંગના મામલે તપાસ ચલાવી રહેલી તપાસ સંસ્થા નેશનલ ઈન્વેસ્ટીગેશન એજન્સી (એનઆઈએ) દ્વારા આજે સવારથી જમ્મુ કાશ્મીરમાં જુદી જુદી ૧૨ જગ્યાએ દરોડા પાડવામાં આવ્યા હતા. એક સાથે ૧૨ સ્થળો પર દરોડાથી ભારે ખળભળાટ મચી ગયો હતો. શ્રીનગર, હંદવાડા અને બારામુલામાં ૧૨ સ્થળો પર દરોડા પાડવામાં આવ્યા હતા. બારામુલ્લા જિલ્લાના કુન્જર વિસ્તારમાં અલગતાવાદી સંગઠન હુરિયત કોન્ફરન્સ સાથે જોડાયેલા જુહુર વતાલીના સંબંધીઓના સ્થળો પર દરોડા પાડવામાં આવ્યા હતા. દરોડા દરમિયાન દસ્તાવેજોમાં ઉંડી તપાસ કરવામાં આવી હતી. શ્રીનગરમાં એક કારોબારીના બે સ્થળો પર દરોડા પાડવામાં આવ્યા હતા. એનઆઈએ છેલ્લા કેટલાક મહિનાથી ટેરર ફંડિગની સામે તપાસ કરી રહી છે. આક્રમક કાર્યવાહીના ભાગરૂપે પુછપરછ કરવામાં આવી રહી છે. તપાસ સંસ્થા આ સંબંધમાં કેટલાક લોકોની પુછપરછ કરી ચુકી છે. જેમાં હુરિયત લીડર સામેલ છે. સાત લીડરોની ધરપકડ કરવામાં આવી

● અનુસંધાન પાન-૭ પર

# રાજ્યમાં સ્વાઈન ફ્લુનો હાહાકાર

**વધુ ૧૨ના મોત : મૃતાંક ૨૨૦ થયો : અમદાવાદ શહેર અને જિલ્લામાં છના મોત થયા : કુલ કેસોની સંખ્યા વધીને ૨૦૯૫ થઇ : હાલ સારવાર હેઠળ રહેલા લોકોની સંખ્યા વધી ૧૧૨૯ થઇ**

ગાંધીનગર, તા. ૧૬

કિલર સ્વાઈન ફ્લુનો આતંક રાજ્યભરમાં જારી રહ્યો છે. સ્વાઈન ફ્લુના કારણે વધુ મોતના પરિણામ સ્વરુપે ખળભળાટ મચી ગયો છે. મોતનો આંકડો રાજયમાં રોકેટગતિએ વધીને ૨૨૦ ઉપર પહોંચ્યો છે. રાજ્યભરમાં સ્વાઈન ફ્લુથી વધુ ૧૨ લોકોના મોત સાથે આતંક જારી રહ્યો છે. નવા આંકડા મુજબ સારવાર લઈ રહેલા લોકોની સંખ્યા ૧૧૨૯ નોંધાઈ છે જ્યારે સારવાર બાદ સ્વચ્થ થઈ ચુકેલા લોકોની સંખ્યા ૭૪૬ નોંધાઈ છે. આંકડા દર્શાવે છે કે, કુલ કેસોની સંખ્યા ૨૦૯૫ નોંધાઈ ચુકી છે. નવા કેસોની સંખ્યા આજે ૨૧૨ નોંધાઈ હતી જે પૈકી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન હેઠળના વિસ્તારોમાં નોંધાયેલા કેસોની સંખ્યા ૯૧ નોંધાઈ છે જ્યારે વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન હેઠળના વિસ્તારોમાં નોંધાયેલા કેસોની સંખ્યા ૩૧, સુરતમાં ૧૫, ગાંધીનગરમાં ૯, કચ્છમાં ૮, વડોદરા, મહેસાણામાં ૬-૬, જુનાગઢ, આણંદ અને પાટણ અને બનાસકાંઠામાં ૩-૩ કેસો સપાટી ઉપર આવ્યા છે. એએમસીમાં નવા કેસોની સંખ્યા ૯૧ નોંધાઈ છે. જ્યારે આજે સ્વાઈન ફ્લુના કારણે વધુ ૧૨ લોકોના મોત થયા હતા જે પૈકી એએમસીમાં ૪ અને અમદાવાદમાં બે મોતનો સમાવેશ થાય છે.

● અનુસંધાન પાન-૭ પર

## સ્વાઈન ફ્લુ રોકવા નક્કર પગલા લેવા હાઈકોર્ટનો હુકમ

**સ્વાઇન ફ્લુની સ્થિતિ અંગે સોમવાર સુધીમાં વિગતવાર અહેવાલ રજૂ કરવા રાજ્ય સરકારને હાઇકોર્ટનો આદેશ**

અમદાવાદ,તા. ૧૬

અમદાવાદ શહેર સહિત રાજયભરમાં સ્વાઈન ફલુની વકરેલી પરિસ્થિતિ અને સંખ્યાબંધ મોતના મામલે ગુજરાત હાઈકોર્ટમાં રિટ અરજી દાખલ થઈ છે. જેની સુનાવણીમાં આજે હાઈકોર્ટે રાજય સરકાર સહિતના સંબંધિત સત્તાવાળાઓને આડા હાથે લીધા હતા. જસ્ટિસ એમ.આર.શાહ અને જસ્ટિસ બી.એન.કારીઆની ખંડપીઠે સરકાર અને સંબંધિત સત્તાવાળાઓને ઝાટકતાં જણાવ્યું હતું કે, સમગ્ર રાજયમાં સ્વાઈન ફુલની પરિસ્થિતિ બેકાબૂ બની છે અને આટલા બધા લોકોના મોત થયા છે તે સમગ્ર મામલો ગંભીર છે. સરકાર અને તંત્ર શું કરી રહ્યું છે, કાગળ પર તો બધું સારૂ બતાવાય છે પરંતુ વાસ્તવિક પરિસ્થિતિ કંઈક જુદી જ છે. હાઈકોર્ટે સરકાર અને સંબંધિત સત્તાવાળાઓને સ્વાઈન ફલુને ડામવાના અસરકારક પગલા લેવા મૌખિક નિર્દેશ કર્યો હતો. વધુમાં, હાઈકોર્ટે રાજય સરકાર પાસેથી સ્વાઈન ફલુના મામલે વિગતવાર અહેવાલ માંગ્યો છે અને કેસની વધુ સુનાવણી સોમવાર પર મુકરર કરી હતી.

ગયા વર્ષે ડેન્ગ્યુ, ચિકનગુનિયા સહિતની રોગચાળાની પરિસ્થિતિના મુદ્દે હાઈકોર્ટમાં થયેલી જાહેરહિતની રિટ અરજીમાં જ આ નવી સ્વાઈન ફલુની સ્થિતિ મામલે સિવિલ એપ્લીકેશન દાખલ કરાઈ હતી. જો કે, સ્વાઈન ફુલની હાલની સમગ્ર પરિસ્થિતિને ખૂબ જ ગંભીરતાથી લેતાં હાઈકોર્ટે રાજય સરકાર અને સત્તાવાળાઓને માર્મિક ટકોર કરતાં જણાવ્યું હતું કે, સ્વાઈન ફલુના ભયાનક રોગ સામે નિર્દોષ નાગરિકો લડી રહ્યા છે ત્યારે તેના પરીક્ષણ માટે લેબોરેટરીમાં ચારથી પાંચ હજારનો ખર્ચ આવતો

● અનુસંધાન પાન-૭ પર

જોઈએ છે

ગાંધીનગરથી નજીક પ્રતિષ્ઠિત હોસ્પિટલ માટે

નર્સ એટેન્ડન્ટ

અરજી તથા અસલ પ્રમાણપત્રો સાથે રૂબરૂ મળો.

સેક્રેટરીશ્રી,

એન.એન. સાર્વજનીક હોસ્પિટલ

રાંધેજા, તા. જી. ગાંધીનગર

ROOPKALA

The silver shop

માત્ર ચાંદીનો શો-રૂમ

199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225

તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

JOB VACANCIES

Walking In

The Fastest Growing Hobby Development & Activity Center Requires Following Staff.

1. Receptionist cum Counselor - 2 Nos.

Qualification : Graduate, Excellent Communication Skills.

2. Coach English and Maths - 3 Nos. (Female-Part time)

Qualification : Knowledge of the subject and Excellent Teaching Skills, Freshers/Students can also apply

Walk in with your latest Passport size Photo and Resume on 18/8/2017, Friday, From 12 P.M. to 4 PM or mail your resume on kartvyabrahmbhatt@gmail.com

: Address :

Plot No. 312/2, Mangal Murti Park, Sector No.8, Gandhinagar.

Phone : 079-23233312, Mo. 7984102288

